# <u>ચેઈન સ્નેચીંગ/લુંટના ગુનાઓમાં  નાસતા ફરતા રીઢા ગુનેગારને ઝડપી પાડતી</u>
# <u>સુરત શહેર ક્રાઇમ બ્રાંચ</u>

સુરત શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચેઈન સ્નેચીંગના ગુનાઓ બનવા પામેલ હોય જે અનુસંધાને ચેન સ્નેચીંગ કરતા ઈસમોને ઝડપી પાડવા માટે સુરત શહેર ક્રાઈમ બ્રાંચના અધિકારી/કર્મચારી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હકિકત આધારે ગોડાદરા પટેલ નગર સામે ઓવરબ્રિજ નીચેથી ચેઈન સ્નેચીંગ/લુંટના ગુનાઓમાં  નાસતા ફરતા રીઢા ગુનેગાર સાગર રમેશભાઇ ભોઇ ઉ.વ.૨૬ રહે. ૪૦૧, આરાધના ગ્રીન સોસાયટી, જોળવાગામ, તા.પલસાણા જી. સુરત મુળ રહેવાસી ગામ-બેટાવડ, તા.અમલનેર જી.જલગાંવ (મહારાષ્ટ્ર)વાળાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. સદર આરોપી નીચે જણાવેલ ગુનાઓમાં નાસતો ફરતો રહેલ છે. (૧) ડીંડોલી પો.સ્ટે. I–૪૭/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૯૨,૩૯૪,૧૧૪ (લુટ) (૨) ઉમરા પો.સ્ટે. I-૫૭/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪ (લુટ) (૩) ખટોદરા પો.સ્ટે. I-૨૨/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ (લુટ)

મજકુર આરોપી તેના સાગરીત સાગર પ્રહલાદ પાટીલ તથા ધર્મેશ ઉર્ફે ધર્મેશ- ૭૬, ગંગારામ મારવાડી સાથે અલગ અલગ મોટર સાયકલ ઉપર સુરત શહેર વિસ્તારમાં ચેઈન સ્નેચીંગના ગુનાઓ આચરેલ છે. તેમા સદર આરોપી સને ૨૦૧૭ ની સાલમાં સરથાણા, ડીંડોલી, પુણાગામ, પાંડેસરા તથા લીમ્બાયત પો.સ્ટે.માં ચેઈન સ્નેચીગ/લુંટના ગુનાઓમાં પકડાઈ ચુકેલ છે. અને સને ૨૦૧૭ માં ખાસ જેલ ભુજમાં પાસાની સજા કાપેલ છે તેમજ વણશોધાયેલ ગુન્હાઓનો ભેદ ઉકેલી પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.